વિજ્ઞપ્તી.

સુજ્ઞ મહાશયો.

આપની સન્મુખ આ મારી અલ્પ મતિ અનુસાર, તથા માહિતીથી, તથા કેટલાંક પુસ્તકો દ્વારા ચાણાક્ય શારથી ભૃગુક્ષેત્ર પાસે આવેલ નર્મદા કીનારે શુક્લતિર્થ મહાત્મ વર્ણ્યું તેમજ ૐકારેશ્વર ભગવાન પ્રગટ થયાનું તથા દર વર્ષે ત્યાં કાર્તિક પુર્ણીમાની રળીયામણી રાત્રીએ ભરાતી યાત્રાનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમાં કેટલીક જન કથા પણ પ્રગટ કરવામાં આવી છે, તેમાં જે કંઈ ભુલ ચુક હોય તેની ક્ષમા આપી આ મારા દ્વિતિય પ્રયાસ તરફ લક્ષ આપશો. દરેક યાત્રાઓ કરતાં આ શુક્લતિર્થની યાત્રામાં વિશેષ આનંદ થવાથી તેને પ્રગટ કરવાનો વિચાર કર્યો હતો જે વિચાર અત્યારે ફળીભુત થયો છે.

આ કાર્યમાં બીજા મીત્રોની થયેલી મદદને માટે તેઓને સવિનય પૂર્વક આભાર માનું છું.

લી સેવક.

રત્ન દીપક.

શ્રી ગણેશાય નમઃ

આપણા ભારત વર્ષમાં હિંદુ યા ઇસ્લામી ભાઇઓનાં અનેક યાત્રાના પવિત્ર સ્થાનો છે, કે જે સ્થાને જવાને અનેક કુટુંબો આકર્ષાય છે. જેમાં હિંદુ ભાઇઓના યાત્રાનું શ્રેષ્ઠ સ્થાન શુક્લતીર્થ કે જેને માટે જન સમાજમાં ઘણીજ પ્રશંસા થાય છે. શુ. તીર્થ નર્મદા કીનારે ભરૂચ જીલ્લામાં આવેલું છે. ત્યાં જવાને માટે ત્રણ રસ્તાઓ છે એક રસ્તો ચમારગામ રેલવે સ્ટેશનથી ચાર પાંચ ગાઉ દુર છે. ત્યાં પગ રસ્તે યા બળદ ગાડી મારફતે જવાય છે. બીજું ભરૂચ થી હોડી મારફતે અગર ઘોડા ગાડી ગાડાં મારફતે જવાય છે. એ રસ્તો ઘણો સુગમ છે. ભરૂચથી સાત ગાઉ દુર છે. વચમાં તવરા ઝાડેશ્વર, કડોદ, વીગેરે ગામો આવે છે. ત્રીજુ અંકલેશ્વર સ્ટેશને ઉતરી જવાય છે. ત્યાંથી એક માઇલ દુર નર્મદા કીનારે જઇ સામે કીનારે શુક્લતીર્થ જવાને હોડીમાં બેસવું પડે છે. ગુમાનદેવ એ પણ એક યાત્રાનું સ્થાન છે. સ્થાનછે. ગુમાનદેવ સ્ટેશનની નજીકમાંજ સુરતની ગુમાનદેવ હનુમાનનું ભવ્ય મંદીર છે. તેમજ ત્યાં ગુપ્ત કાવેરી ગંગા નદી રહેલી છે. કાવેરી ગંગામાં શુદ્ધ પાણી વહે છે. તેનું મહાત્મ ઘણું ગણાય છે. જ્યાં એક બે ફુટ ખાડો ખોદવાથી

નીર્મળ મીઠું પાણી નીકળે છે. ગુપ્ત પાણી વહેતુંજ રહે છે આથી પાણી કાયમ ઉપયોગી થાય છે. તેમજ હનુમાનના દેવાલયમાં રહેવાને માટે યાત્રાળુઓને ઉત્તમ સગવડો સાથે પુરતી વ્યવસ્થા મંદીર તરફથી કરી આપવામાં આવેછે. ત્યાં જમીનમાં તેલનાં ટાંકાં ભરી રાખેલાં છે તેવું કહેવામાં આવે છે. હનુમાનને તેલ ચડાવવાનું મહાત્મ ઘણું છે. એથી ઘણા યાત્રાળુ લોકો તેલ ચડાવે છે. તેમજ ત્યાં વાપરવાને માટે પ્રસાદ રૂપે તેલ જોઇએ તેટલું મળી શકે છે. ઘણાખરા યાત્રાળુઓ તેલનાં ભજીઆં કરી ઉડાવે છે. એ પણ એક જેવું સ્થાન છે. સામે કીનારે ઉતરવાને માટે યાત્રાના સમયે હોડીઓ મળી સકે છે. કેટલાક યાત્રાળુઓ ગાડાં લઇને આવેલા હોય છે એથી તેઓ ગાડામાંજ પોતાનું ઘર કરી નર્મદા કીનારે પડી રહેછે. તેથી જાણે અલૌકીક દેવે એકદમ પોતાની માયાથી નવું નગર વસાવ્યું હોય તેવો દેખાવ થઇ રહે છે. આ કીનારે રહેવાને માટે બીજું કંઇ પણ સાધન નથી.

શુકલતીર્થ ગામમાં પવીત્ર બ્રાહ્મણનાં ઘરો ઘણાં છે. અને તેઓ યજમાન વૃત્તી કરીને ૐકારેશ્વર પ્રભુના આશ્રયેજ પોતાનું ગુજરાન ચલાવે છે. બીજી વસ્તી પણ ઘણી સારી છે. તે મહેનત મજુરી યા ખેતી ધંધાથી પોતાનું ગુજરાન ચલાવે છે. ઘણાખરા બ્રામણો અગ્નીહોત્રી છે કે જેઓ અખંડ પોતાના ઘરોમાં અગ્નીદેવની આરાધના કરતાં

રહે છે. કેટલાક યાત્રાનાં સ્થળોમાં ગોર યજમાનનાં ગજવાં તપાસતા રહે છે. (જેથી ગોર મહારાજને પાપની સાક્ષાત કર્તા રૂપ હોય છે) તેમજ કુકૃત્યની પણ વાચના જોવામાં આવે છે. તેમાંનું કંઈપણ આ પુણ્યક્ષેત્રમાં દૃષ્ટી ગોચર થતું નથી.

યાત્રાળુઓ ગોરસાથે ગમે તેમ વર્તતા હશે. પણ ત્યાંના બ્રાહ્મણોની નીચવૃતી હમારા જોવામાં આવી નથી. યાત્રાળુઓને રહેવાની સગવડ ત્યાંના પુજય અગ્ની હોત્રી બ્રામણો તરફથી ઘણી સારી આપવામાં આવે છે છતાં ઘણા યાત્રાળુ પોત પોતાની સ્વતંત્ર મઢી, તંબુ માંડવા ઇત્યાદી સ્થાનો બેટમાં બનાવીને રહે છે. આ યાત્રા દર વર્ષે કારતીક સુદ પુર્ણીમાની રળીઆમણી રાત્રે ભરાય છે એથી કોઇને દીવાની ગરજ જરૂર રહેતી નથી. યાત્રાનો આનંદ જો જાણવો હોય તો એક વખત શુકલતીર્થની યાત્રાએ જવું. આ યાત્રામાં કોઇપણ જાતનો ભય રહેતો નથી. પોલીસ અમલદારો ઘણીજ સારી રીતે દેખરેખ રાખે છે.

મેળો ઘણોજ ભારે ભરાય છે. છતાંપણ બેટની મોકળાશને લીધે તેમજ અમલદારોની ગોઠવણને લીધે ઘણી ભીડ જણાતી નથી. ફક્ત ૐકારેશ્વર ભગવાન તથા શુકલેશ્વર મહાદેવના દર્શનાર્થે જતી વખતે ત્યાં આગળ ઘણીજ ગીરદી થાયછે કારણકે એ જગ્યાએ રસ્તો ઘણોજ સાંકડોછે.

એથી બાળ બચ્ચાં સાથે જતાં ત્યાં જાળવવાની જરૂર છે.

ૐકારેશ્વરનું દેવાલય જુની બાંધણીનું ઘણું સારૂં છે. તેમજ નજીકમાં શુકલેશ્વરનું મંદીર પણ પુરાતની છે. જન કથા એવી ચાલે છે કે ૐકારેશ્વર ભગવાન પોતે ઋષીકુમારોને સ્વપ્ન આપી આપો આપ ૐનો ગંભીર નાદ કરી પ્રગટ થયેલા છે. જે ઉપરથી તેઓનું ૐકારેશ્વર નામ આપવામાં આવ્યું છે. મુર્તી સફેદ વેળુથી બંધાયલી છે. કંઇ ઘડતરની યા બનાવટી નથી જે ચર્ણ પક્ષાલનં કરવાથી ખાત્રી થાય છે. મુર્તીના દરેક અવયવો શુધ્ધછે. શંખ, ચક્ર, ગદા, પદ્મ વીગેરે સાહીત્ય સાથેજ ધારણ કરેલાં છે. મુર્તી ઘણીજ અલૌકીક છે. તેમજ શુકલેશ્વર મહાદેવનું બાણ પણ પુરાતની છે. એ પંચાતન મુર્તિ પ્રગટ થયેલી કહેવાય છે. શુકલતિર્થનો મહિમા ૐકારેશ્વર વિષ્ણુ ભગવાનેજ વધાર્યો છે.*તેમ તેને વીશેષ ખ્યાતિમાં લાવનાર માળવાના ચાલુક્ય રાજાનો હેવાલ થઇ ગએલો છે. જે વૃતાંત જગજાહેર છે. તેમજ સંસ્કૃત નર્મદા પ્રવાસમાં દર્શાવેલોછે. ચાણુક્ય ઉધ્ધાર કારતીક શુદ પુર્ણીમાને દીવસે થયેલો તેમજ ઓમકારેશ્વર ભગવાન પણ તેજ દિવસે પ્રગટ થયેલા એથી કરીને એ દિવસનું મહાત્મ આ તીર્થનું શ્રેષ્ડ સ્થાનગણુવામાં આવ્યું છે.

ચાણુક્ય વૃતાંત.

ભરત ખંડમાં માળવા દેશમાં ઉજ્જૈન નગ્રીનો ચાણુક્ય રાજા રાજ્ય કરતો હતો, જે અતિશય ક્રુરને, પ્રપંચી રાજા હતો, પોતાની સર્વ પ્રજાને અત્યંત દુઃખ આપી પીડતો, તેમજ સર્વ રાણી કુમારો, બાંધવોને છળ પ્રપંચથી ઘણોજ નડતો હતો, જે પોતાના પ્રપંચી અભિમાનમાં અત્યંત મહાનમસ્ત બનેલો હતો, તેણે એવું પણ લીધું હતું કે જે કોઈ આ પૃથ્વીમાં મને છળ, પ્રપંચ યા પાખંડથી ઠગે અગર છેતરે તો તેને આ મારૂં રાજ્ય સોંપી હું મારો દેહ ત્યાગ કરૂં. આવો અભિમાની રાજા પોતાના મદમાં અનહદ મસ્ત હતો, જે દરેક રંક યા રાય સર્વને પોતાની પ્રપંચની જાળથી વશ કરીને સર્વમાં શ્રેષ્ઠ કહેવરાવતો હતો.

એક સમયે બ્રહ્મસદનમાં સુરલોકોની સભા થયેલી હતી. જેમાં સર્વ સુરો પોતાના નીયમાનુંસાર હાજર થઈ પોતપોતાની માન સહ આસને વિરાજીત થયેલા હતા. એવામાં કેટલાક સુરો ત્યાં સુરાપાન કરી બેભાન બની મોડા આવ્યા

એથી બ્રહ્માએ તેઓ પર (સુરા પાન કરેલા હોવાથી) ક્રોધ કરી શ્રાપ આપ્યો અને કહ્યું કે " તમો પૃથ્વી ઉપર " વાયસ " (કાગડા) નો અવતાર ધરો " આ શ્રાપથી તેઓ ઘણોજ પશ્ચાતાપ કરવા લાગ્યા અને ઘણાજ કાલાવાલા કરતા પોતાની ભુલની ક્ષમા માગવા વિધી, પાસે ગયા ત્યાં તેઓને ઘણીજ આજીજી કરી ત્યારે વિધાત્રાએ શ્રાપથી મુક્ત થવાનો રસ્તો બતાવ્યો અને કહ્યું કે તમો કાગડાનો દેહ ધરીને પૃથ્વી ઉપર જાઓ અને માળવાનો ચાણુક્ય જે છે તેને કોઈપણ રીતે છેતરશો, યા પ્રપંચથી ઠગો, તો તમો શ્રાપથી મુક્ત થશો અને મુળ દેહ પામશો. આવાં વીધીના વચનો સાંભળી ત્યાંથી સર્વ કાગડાઓ દેહ ધારણ કરી પૃથ્વી ઉપર આવ્યા, અને જયાં ચાણુક્ય રાજા દરબાર ભરીને બેઠો હતો ત્યાં આવી સર્વ કાગડાઓ હારોહાર રાજાની સામે બેઠા આ દેખાવ જોઈ ચાણુક્ય રાજા તેઓના ઉપર ઘણોજ મોહ પામ્યો, અને આશ્ચર્ય ચકીત થયો કે આવા કાગડાઓ કદી પણ મેં પ્રથ્વી ઉપર જોયા નથી, નક્કી આ કોઈ દૈવી દેવતાઓ હોવા જોઈએ, એવું મન સાથે વીચારી તુરતજ પ્રધાનને હુકમ કર્યો કે પ્રધાનજી આ કાગ કોઈ દૈવી જણાય છે. માટે તેઓને કોઈપણ રીતે આપ ણે પકડી કબજે કરવા જોઈએ "

મહારાજાનો હુકમ ! રાજન ખરે કાગ દેવી સ્વરૂપવાન છે તેમજ કાગડાઓ ઘણા ચતુર અને ચાલાક હોય છે એથી તેઓ કોઇ વખત આપણને ઘણા ઉપયોગી થઇ પડે તેમ છે”

પ્રધાનની અનુમતિ થતાંજ તુર્ત રાજાએ તેને પોતાની ચાતુર્ત કળાથી ચારે બાજુથી આંતરી પકડી લીધા, કાગડાઓની જાત હંમેશાં ચંચાળ લુચ્ચી હોય છે. છતાં તેઓ આ વખતે પોતાના કાર્યને ખાતર તેઓ સહેલાઇથી પકડાઇ ગયા. જેને માટે વિદ્વાન કવીઓ પણ આપણને શીખવી ગયા છે કે,

“ સૌથી લુચ્ચામાં લુચ્ચા કાગડા છે,
સૌ પંખીમાં એ તો નાગડા છે. ”

સર્વ પંખીઓમાં કાળો કાગડો હરામી લુચ્ચો હોય છે છતાં ચોરના ભાઇ ઘંટી ચોર, એ પ્રમાણે કાગડાઓ તો તેના હાથમાં આવ્યા પણ તે ચાણક્યને ઠગવાના અને પોતે શ્રાપથી મુક્ત થવાના કાર્ય અર્થેજ તેના હાથમાં આવ્યા છે તે ચાણક્યના જાણવામાં નહોતું. સર્વ કાગ દેવોએ વીચાર્યું કે હવે તેને ઠગી આપણે શ્રાપથી મુક્ત થવાનો વખત નજીક આવ્યો છે, માટે જેવી રીતે તેણે પોતાની કળા બતાવી તેવીજ રીતે આપણે આપણો આ હેડ ધર્મ બજાવવો અને ઠગ વિદ્યામાં શ્રેષ્ટતા કહેવરાવી અને તેને સીધો રસ્તો બતાવવો.

સર્વે કાગડાઓએ ચાણુક્યને ઠગવાને ઘણા ચાળા ચસ્કા કરવા માંડયા અને તેને પોતાના પ્રતી અત્યંત પ્રીતિ ઉત્પન કરી. રાજા તેમના આવાં ગેલ જોઇ ઘણોજ હરખાઇ ગયો અત્યંત પ્રેમ દર્શાવી રમાડવા લાગ્યો, આથી તેઓ પોતાને વશ થઇ ગયેલા જાણી તેમને બંધનથી મુક્ત કરવામાં આવ્યા. થોડા સમય કાગ દેવોએ પોતાની વિધાન ન જણાવતાં ચુસ્ચાઈ ભરેલી ગરીબાઈથી તેને મોહ ઉપજાવવા માંડયો જેમ જેમ તેના હાવભાવથી રાજા મોહિત થતો ગયો અને પોતા પ્રત્યે પ્રસન્નતા બતાવતો ગયો તેમ તેમ તેઓએ ઘણીજ ચાતુર્યતા બતાવી પ્રીતિ પાત્ર થતા ગયા. થોડીક વખત એક બીજાની આ પ્રેમ ભરી પ્રપંચની બાજીના પાસા ખેલતાં તુરતજ કાગ દેવોએ પોતાની ક્રીયા અજમાવી ફતેહ મેળવી. એકદમ મળ મુત્રથી ચાણુક્ય રાજાનો દેહ ગંદા કરી સર્વ કાગ ત્યાંથી ઉડી ગયા. તુરતજ રાજા સજજડ થઇ જોઇ રહ્યો, અને પોતાના શરીરનું ભાન ન રાખતાં હવે શું કરવું, એ પક્ષીઓને કેવી રીતે પકડું એજ ઉચ્ચારો નીકળી ગયા. તુર્ત બુમ મારી સર્વને ભેગા કર્યા અને કહ્યું કે “ એક પક્ષી મારૂં અપમાન કરી મને ઠગી જાય એ મારે મરવા જેવું છે. માટે ગમે તેમ કરી તેઓને પકડી લાવો ” હુકમ થતાંજ સર્વ સાથીઓ ત્યાંથી દોડયા અને થોડીકવારમાં કેટલાક કાગડાઓને પકડી

આણ્યાં " રાજાએ ક્રોધે ભરાઈ હુકમ કર્યો કે તેઓને ભુખ્યા તરસ્યા એક અંધારી કોટડીમાં પુરીમુકો અને તેઓ ને ખોરાક આપ્યા શીવાય તેને રીબાવી રીબાવી પ્રાણ લ્યો " આવો હુકમ થતાં તુર્તજ સર્વ (વાયસો) કાગડાઓ ઘણું કલ્પાંત કરવા લાગ્યા અને રાજાને આજીજી કરતાં કહ્યું કે આપ જે કાર્ય કહેશો તે અમો સર્વ કરીશું. પણ આપ અમારા જીવ ઉપર ન આવો. આથી રાજાને કંઈક દયા આવી, અને પુછયું કે "તમોને આવું કરવાનું શું કારણ હતું તે જણાવો. તો તમોને જીવતા જતા કરીશું " એથી કાગ દેવોએ પોતાની સર્વ વાત કહી અને કહ્યું કે આપથી મુક્ત થવાને માટેજ આ કૃત્ય અમોએ કર્યું છે, એથી રાજાએ તેઓને કહ્યું કે જેમ તમોએ તમારા સ્વાર્થને અર્થે આ કાર્ય કર્યું છે તેમ મારૂં જો તમો એક કાર્ય કરવાને તૈયાર થાઓ તો તેમાં તમારૂં અને મારૂં બન્નેનું ગુમાન સચવાય તેમ છે, એથી એ વાત તેઓએ કબુલ કરી અને રાજાને મદદ કરવા કહ્યું. આશ્ચર્ય રાજા એક પક્ષીઓથી ઠગાયોહતો. જેથી તે પોતાના મૃત્યુથી બચવાને તેમજ મુક્તિ મેળવાને માટે બીજા દેવો સાથે ઠગાઈ કરવા તત્પર થયો; જેમાં સર્વ કાગ દેવોની મદદ મેળવી, તેઓનું અક્ષત કુમકુમથી પુજન કરીને કહ્યું કે હવે તમો ત્યાં જાઓ અને બ્રહ્મસદનમાં જાઈને પુછે તો કહેશો કે આજે આશુભનું

બારસુ હતું. એથી અમારૂં ત્યાં સારી રીતે પુજન થયું અને ખુબ જમાડયા એમ સુચવશો. એવું કહેવાને સમજાવી તેઓને રજા આપી એટલે સર્વ કાગ દેવો ત્યાંથી બ્રહ્મસદન તરફ ઉડયા. આથી ચાણુકય રાજા મનમાં ઘણો અત્યંત હરખાવા લાગ્યો, અને દેવોને પણ છેતરવાની પોતાની યુક્તિથી આનંદ કરવા લાગ્યો.

ધર્મપુરીમાં ધર્મરાજા પોતાના દેવ દાનવોની સભા ભરી બેઠા હતા. અનેક ધર્મ ચેષ્ટા વાર્તા વીનોદ ચાલી રહ્યાં હતાં. એવામાં કાગ દેવોનું એક ટોળું આવી ચડયું અને ધર્મ રાજાની સનમુખ હારોહાર બેઠા. આ જોઇ રાજા હસ્યા અને તેઓને સ્નેહથી પુછયું કે આપનો આ કોણ પુંજારી મળ્યો કે તેણે કુમકુમ અક્ષતથી પુજન કર્યું જણાય છે. એટલે એક કાગ બોલી ઉઠયો " મહારાજ માળવાધિપતી ચાણુકય જે અત્યંત દુષ્ટ ગણાતો હતો તેનો કાળ થવાથી આજે તેની દ્વાદશી (બારસુ) હતું. એથી તેના પુત્રે અમારી આ સર્વ મંડળની પુજા કરી અત્યંત સ્નેહથી જમાડયા " રાજાએ વિચાર્યું કે ચાણુકયનો કાળ થયો છતાં તે અત્રે કેમ ન આવ્યો, અસંભવીત વાત જે હવે; ઋષીયોને પુછતાં જણાયું કે, અધર્મી, દુષ્ટ પાપી, અસંચી પુરૂષ પણ શુકલતિર્થને કીનારે નર્મદા સ્નાન કરી

ૐકારના દર્શન કરે છે તે મુક્તિ મેળવી શકે છે. એ
શાસ્ત્રાધારે તે ત્યાં ગયો હશે અને પોતે મુક્તિ પામ્યો
હશે " આ શાસ્ત્રાર્થ સાંભળતાં જ એક કાગ ત્યાંથી ઉડી
ચાણક્યને આવી મળ્યો અને પોતાનું કાર્ય સફળ થયેલું
જણાવી નર્મદા ક્ષેત્રમાં શુક્લતિર્થનું મહાત્મ્ય જણાવ્યું.
એથી મુક્તિ પામવા અર્થે શુક્લતિર્થ ક્ષેત્ર જવાને તૈયાર
થયો, તેનું આવું અલૌકીક મહાત્મ્ય જાણી તેજ દીવસથી
તેના અંતરમાં શ્રદ્ધા, ભક્તિના બીજ રોપાયાં. નર્મદા
કીનારે શુક્લતિર્થ હોવાથી તે પ્રથમ અમરકંટક આવ્યો
અને ત્યાંથી એક ઝાઝ (વહાણ) તૈયાર કરાવ્યું. જેના
શઢ કાળા રંગથી રંગી નાખવામાં આવ્યા. ચાણક્ય રાજા
વાગતે ગાજતે ઉમંગભેર ૐકારનાં દર્શનાર્થે પવિત્ર સ્થળ
માં સ્નાન કરી મુક્તિ પામવા અર્થે ચાલ્યો.

ચાણક્ય ઝાઝ ત્રણેક માસની મુસાફરી દરમીઆન કોકીલ
કંઠના મધુર સ્વરોથી આનંદ દર્શાવનારૂં મોક્ષનું સ્થાન
સુરપાણુજી આવ્યું. અત્રે ચૈત્ર માસમાં જાત્રા ભરાય છે.
અત્રે વીધી પૂર્વક સ્નાન તથા યોગ્ય દાન કરી ઝાઝને હંકા-
રવામાં આવ્યું. અત્રેથીજ પાપનાશક કિરણો નાબુદ થતાં
મોક્ષ બતાવનારાં શુભ કિરણોનો પ્રકાશ દેખાવા લાગ્યાં. ઘોર
અરણ્યમાં ૐકારનાથનાં શિખરો જણાવા લાગ્યાં અઘોર
જંગલમાં મોક્ષ સાથે આનંદ આપનારા પવિત્ર સ્થાનમાં

ચાણુકય રાજ આવી પહોંચ્યું. ઓંકારનાથના દેવાલય સાથે હિંદુસ્તાનની અદ્ભુત કારીગરના ચિત્તાકર્ષક નમુનાનાં દેવાલયો પણ વિશેષ છે. બ્રહ્મપુરી, વિષ્નુપુરી તથા કૈલાસ પુરી સાથે પાંડવ પુરી વીગેરે અનેક દેવાલયો છે. તે સાથે પંચતિર્થનો પ્રવાસ કરતાં જુનાં ખંડીયરો, દરવાજા, તથા પંચ તીર્થીનો કિલ્લો તેમજ નીલકંઠ મહાદેવના કોતર કામની કારીગરી હિંદુસ્તાનની જાહોજલાલીનું ભાન કરાવેછે.

અત્રે દરેક યાત્રાળુના આનંદનો ઉભરો સમાતો નથી. ઓંકારનાથ સનમુખ ચાણુક્ય પ્રાયશ્ચિત કરવાનો પ્રારંભ ગઉમુત્રથી સ્નાન કરાવા સાથે અપવાસ કરાવી પવિત્ર ગંગાજળથી સ્નાન કરાવવામાં આવ્યું અતરે નર્મદાજીમાં માછલાં તેમજ પાણી પણ પુષ્કળ છે અહીંયાં માછલાંઓને પુષ્કળ ચણા, મમરા તથા રામનામની ગોળીઓથી યાત્રાળુ પુસ્કળ આનંદ મેળવે છે. ઓમકારનાથ જવાને માટે રતલામથી ખંડવા લાઇનમાં થઇને જવાય છે. ચાણુકય રાજ તિર્થાટન માટે વિદાય થયું. ત્રણેક માસ વીતતાં કબીરવડનાં દર્શન થવા લાગ્યાં. કાળા પડદા સફેતી ઉપર આવવાથી આનંદથી મન ઉછળવા લાગ્યાં શુકલતીર્થ સ્થાન માં પતિત પાવન એવાં નર્મદાજીમાં સ્નાન કરી ઓમકાર નાથ મહારાજનાં દર્શન કરતાં સર્વ પાપનું પ્રલય થતાં ચાણુકય ઉદ્ધાર થઇ મોક્ષ ધામમાં પધાર્યો. તે સાથે કહેવત

મુજબ ઢેળ સાથે એરંડા પોસાય તે મુજબ સાથે આવેલા રસાલાનો પણ ઉધ્ધાર થયો. ત્યારથી કાગદેવોની પણ પ્રશંસા થવા લાગી તેજ દિવસથી અધ્યાપી પર્યંત પુષ્કળ મેળો ભરાયછે. અલબત આવીજાત્રાઓ ભરાવાથી અનેક વેપારી ફાયદા મેળવે છે. તેમજ યાત્રાળુઓ પણ અનેક લાભ મેળવે છે. હરેક યાત્રાળુઓના મનમાં આ જગ્યાયેજ યાત્રા ભરાવા નું શું કારણ હશે ? તે જાણવાની વૃતીઓ થાયછે. અને તે આકાંક્ષા પુરી પાડવાની ઇચ્છાથી ખરી શોધો પ્રગટ થતાં અનેક ઉત્તમ આશાઓ બંધાય છે. ઉત્તમ આશા એ નિરાશાનો વેરી છે, નિરાશાજ મનુષ્ય માત્રને દુઃખ ઉત્પન્ન કરનાર છે. જેના હૃદયોમાં ઊચ્ચ વિચારો, ઊચ્ચા આશયો. તથા ભાવો પ્રગટ થતા હશે તેજ દુનીયામાં મનુષ્ય દેહ ધરી કંઇપણ શ્રેય કરી શકવા સમર્થ છે અને તે મેળવવાને જંજાળથી વિંટાયલા મનુષ્યોએ આવાં અનેક સ્થળોએજ પોતાની બુદ્ધિનો વિકાશ કરવો યોગ્ય છે, યાત્રા કરવાનું તાત્પર્યજ એ છે કે પુરાતની રૂઢી રીવાજો અને સંજોગો નો આબેહુબ ચીતાર નજરે આવે અને એથી તે પ્રત્યે વિચાર લંબાવતાં કંઇક બુધ્ધીનો વીકાશ થાય.

કાર્તીક સુદ પુર્ણીમાની રળીઆમણી રાત્રીએ રજની કાંન્ત પોતાનો સુભ પ્રકાશ ભુમીને આચ્છાદીત કરતો, ઉજ- વળ કિર્તીને આનંદ આપતો મંદમંદ ગતી કરતો, સર્વ શુક્લેશ્વરના ભાવિક ભક્તોને અનહદ પ્રેમ ઉપજાવતો તેમજ યાત્રાળુઓને દીપકની ગરજ સારતો હતો. અત્યંત મીત્રો કુટુંબીયો સહશુક્લતિર્થના રળીયામણા બેટની અંદર અનહદ આનંદ ભોગવતા ફરતા હતા. ખેલ તમાસા તેમજ વેપારીઓના શણગારેલા માંડવાઓ તરફ ફરતાં ફરતાં ચીચવા, ચગડોળ, નાટક યા જાદુગરોના બાંધેલા માંડવા જોતાં હતા. કેટલાક તેનો લાભ પણ લેતા હતા. બેટની મધ્ય ભાગમાં આવતાં, રંગબેરંગી હવાઇયોના દારૂખાનાથી દેદીપ્યમાન થતું સુભપ્રકાશીત આકાશ અત્યારે અનહદ પ્રેમ ઉપજાવતું હતું. થોડેથોડ હવાઇઓ ગગનમાં વીહાર કરતી પોતાનાં સર્પના આકારના પુછડાંઓથી સુસવાટા મારતી, ગગનમાંથી રંગબેરંગીગોળા ઉરાડતી દરેક જોનારના ચીતને ચળીત કરતી હતી. એ જોવાને અનેક ટોળાં ઠેકાણે ઠેકાણે આકાશ તરફ દ્દષ્ટી કરી બેઠા હતાં. એવામાં કોઇક હવાઇ ઉંચે ઉડવાને બદલે આડી ઉડતી કે જેથી ભોળી વ્યક્તીયોમાં નાસ ભાગ થતી અને હાહાકાર થઈ રહેતો. આ પણ એક આનંદ દાયક હતું. એમાં પણ આનંદજ હતો. બેટમાં કેટલીક જગ્યાએ શોખીન સજજનો વાજીંત્રો

લઇ ગમત જમાવી બેઠા હતા. તો કેટલીક જગ્યાએ ભજન ની ધુન મચાવતી મંડળીઓ તો કેટલીક જગ્યાએ ડાંડીયા રમનાર તો કેટલીક જગ્યાએ ઢોલક કાંસા લઇ આનંદ કરતા હતા. આવા આનંદ સમયે કેટલાક મુર્ખ મસ્તાનીયો મદ્યપાન કરી લથડીયાં ખાતા બેટની (મચરૂની તળીયાના બીછાનાં) રેતી ઉપર હાંફતાં હતા. તો કેટલાક વેશ્યાઓના માંડવા આગળ મધપુડાની માખીયો માફક ફેરા ફર્યા કરતા, તો કેટલાક મારામારીથી પોતાની બહાદુરી બતાવતા પોલીસોના કબજા માં સપડાતા હતા. આવી રીતે રંગબેરંગી પુરૂષો પોતાને મન માન્યો આનંદ ભોગવતા હતા. સર્વના કાર્યોમાં આનંદ અને ઉત્સાહ જણાતોજ હતો. કોઇ કંટાળેલા યા થાકેલા નીશ્વાસ નાંખતા, નીરૂત્સાહી નહોતા. જે દરેકના મુખ ઉપરથી જણાતું હતું. આ પ્રમાણે આનંદની પૂર્ણીમાની રાત્રી વ્યતીત કરી બીજે દીવસે ત્યાંથી "નાસ્તો" લઇ બાજુ ઉપર સામે કીનારે આવેલ કબીરવડ કે જેની અલૌ-ઘટના હુરનો રળીયામણો દેખાવ અને પુરાતની કહેવાતી કબીરજીની જનકથાથી દરેક યાત્રાળુઓનાં દીલ હરણ કરતો. એથી લોકો ત્યાં જાયછે. (કબીર વડ જવાને હોડીમાં બેસવું પડે છે.)

પુર્વે કબીરવડ ઘણોજ ગીચ ઝાડીવાળો ભયંકર હતો પણ હાલ ત્યાં ઘણો સારો સુધારો કર્યો છે. રસ્તાઓ સાફ રાખવામાં આવે છે. કબીરવડની મધ્યમાં એક ભક્તરાજ કબીરજીનું ધામ છે ત્યાં તેઓની મુર્તી છે. જેના દર્શનનો અમુલ્ય લાભ મળે છે. પાણી પીવાને કુવો તથા ધર્મશાળા છે. કબીરજીનું સ્થાન જગજાહેર છે. અને તેઓની એકે-ટેક દૃઢ ભક્તિથી તેઓને દીવ્ય જ્ઞાન પ્રાપ્ત થયું હતું. કે જે આધ્યાત્મિક સમાજની અત્યંત સેવા ગણાવી પુજનીય થઈ પડયું છે. જે તેઓના બનાવેલા ગ્રંથો ઉપરથી જણાય છે. તેઓ શ્રી પરમાત્મ સ્વરૂપ હતા. પુરાતની દંત કથા કહેવાય છે કે આ જગ્યાએ કબીર સાહેબે દાતણ કરી આનંદ મેળવવા દાતણની ચીરીઓ ઉભી રોપી તેનો આ કબીરવડ થએલો છે. આ વડનું થડ ચોક્કસ જણાતું નથી તેમજ સામી બાજુએ ગુમાનદેવ હનુમાનનું મોટું મંદીર છે. ચીરોની બીના આગાઉ જણાવેલી છે. તેમજ ગુમાનદેવના મંદીર પાસે એક હાથી તથા અમુલ્ય નિશાન અર્પણ કરેલું છે. આ સ્થળે જન્માષ્ટમી તથા કાળી ચૌદશ ઉપર મેળા ભરાય છે. આ સિવાય બાવાઓનું મુસલમાન સ્થાન છે. અને બોરી પકડવાને માટે રાક પડતા આદમીઓને બેડીઓ પહેરાવે છે. તેમાં બીન ગુનેગારે પહેરેલી બેડીઓ તુટે છે. અને ગુનેગારની બેડી તુટતી નથી. તે ઉપરથી સાબીત થાય છે. તે સ્થાન પણ જોવા લાયક છે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]